**મામલતદારે સેવાસદનના એક્ઝિટ ગેટને તાળું મારતા 210 ગામના અરજદારોમાં રોષ**

# નસવાડી મામલતદારના મનસ્વી નિર્ણયથી અરજદારો અટવાયાં

**માર્ગ અને મકાન** વિભાગની ડિઝાઇનને મામલતદારે ખોટી ઠેરવી




(પ્રતિનિધિ) નસવાડી તા.27

નસવાડી તાલુકા સેવાસદન ખાતે નવા આવેલા મામલતદારે પોતાની સત્તાનો ઉપયોગ કરી બહાર નીકળવાના મુખ્ય ગેટને તાળું મારી દેતા મોટો વિવાદ સર્જાયો છે. સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા જ્યારે આ નવું બિલ્ડિંગ બનાવવામાં આવ્યું ત્યારે ટ્રાફિકની સુવિધા માટે એક ગેટથી પ્રવેશ અને બીજા ગેટથી બહાર નીકળવાની વ્યવસ્થિત ડિઝાઈન મંજૂર કરવામાં આવી હતી. જોકે, મામલતદારે આ સરકારી ડિઝાઈનને નેવે મૂકી ગેટ બંધ કરી દેતા ૨૧૦ થી વધુ ગામોમાંથી કામ અર્થે આવતા અરજદારો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. નસવાડી એસટી ડેપોથી આશરે બે કિલોમીટર દૂર આવેલા તાલુકા સેવાસદનમાં દરરોજ સેંકડો લોકો પોતાના કામ અર્થે આવે છે. વાહનચાલકો જ્યારે પ્રવેશ દ્વારથી અંદર આવી પાર્કિંગમાં વાહન મૂકે છે, ત્યારે પરત નીકળતી વખતે એક્ઝિટ ગેટ બંધ હોવાથી તેમને ફરજિયાતપણે પરત વળીને પ્રવેશ દ્વારથી જ બહાર નીકળવું પડે છે. આ સ્થિતિમાં જ્યારે બે વાહનો સામસામે આવી જાય ત્યારે ગેટ પર ટ્રાફિક જામ અને મુશ્કેલીઓ સર્જાય છે.

આ બાબતે જ્યારે મામલતદારને પૃચ્છા કરવામાં આવી ત્યારે તેઓએ જણાવ્યું હતું કે, બહાર નીકળવાનો ગેટ મેઈન રોડ ઉપર હોવાથી અકસ્માત થવાની ભીતિ છે, તેથી સુરક્ષાના કારણોસર ગેટને તાળું માર્યું છે. જોકે, સ્થાનિકોના મતે આ બચાવ તદ્દન પાયાવિહોણો છે, કારણ કે સેવાસદન ગામના છેવાડે આવેલું છે અને ત્યાં કોઈ મુખ્ય માર્ગ કે ભારે વાહનોની અવરજવર નથી. છેલ્લા પાંચ વર્ષથી આ ગેટ કાર્યરત હતો ત્યારે ક્યારેય આવી સમસ્યા નહોતી નડી, પરંતુ નવા આવેલા અધિકારીના આ મનસ્વી નિર્ણયથી લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોની માંગ છે કે ઈજનેરો દ્વારા તૈયાર કરાયેલી મૂળ ડિઝાઈન મુજબ ગેટને ખોલવામાં આવે જેથી વાહનચાલકોની મુશ્કેલી દૂર થાય.

## ડભોઇમાં પાણીની ટાંકી પર સુરક્ષા સાધનો વગર જ યુવક લટકતાં વિવાદ




ડભોઈ નગરપાલિકાની સરદાર બાગમાં આવેલી પાણીની ટાંકી પર એક યુવાન સુરક્ષા સાધનો વગર જ દોરડા પર અધ્ધર લટકતા જોવા મળ્યો હતો. ડભોઇના નવા સરદાર બાગમાં આવેલી પાણીની ઓછામાં ઓછી 20 મીટર ઉંચી પાણીની ટાંકી પર એક યુવાન સુરક્ષા સાધનો વગર જ મધપુડાને પાડવા ચડ્યો હતો. જે દોરડાથી લટકતો જોવા મળ્યો હતો. જો યુવાનને કંઈ થાય તો જવાબદારી કોની ? નગરપાલિકા એ પરવાનગી આપી કે યુવાન જાતે જ ચઢયો ? જો જાતે જ ચઢયો હોય તો ટાંકી પાસે સલામતી નથી એ નક્કી છે. આ બાબતે પાલિકા પગલાં ભરશે કે પછી કોઈ અનિચ્છનીય બને એ રાહ જોઈ રહ્યું છે ?

## ગુજરાતમિત્ર ગતિવિધિ

### શિનોરથી ફાગવેલ ધામનો ભવ્ય પગપાળા સંઘ રવાના થયો



**શિનોર** | શિનોરના ટીંબા ફળિયાના વીર ભાથીજી મંડળ દ્વારા આયોજિત વાર્ષિક પગપાળા સંઘ આજે ડી.જે. ના તાલે ભક્તોના ઉત્સાહ સાથે ફાગવેલ જવા રવાના થયો હતો. આ સંઘમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા જેઓ શિનોર બસ સ્ટેન્ડથી પ્રસ્થાન કરી પાવાગઢ, ફાગવેલ અને ડાકોરના દર્શનાર્થે જશે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરા મુજબ ભક્તો પદયાત્રા પૂર્ણ કરી પરત શિનોર આવશે. આ ધાર્મિક આયોજનને પગલે સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

### હાંડોદની બરોડા પબ્લિક સ્કૂલમાં ઉત્સાહભેર વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરાઇ



**સંખેડા** | તાલુકાના હાંડોદ સ્થિત બરોડા પબ્લિક સ્કૂલ ખાતે આચાર્ય અનિલકુમાર પટેલના માર્ગદર્શન અને શિક્ષકોના સહિયારા પ્રયાસોથી વાર્ષિક રમતોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હાંડોદના ડેપ્યુટી સરપંચ વિશાલભાઈ પટેલ અને ટીબાના ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓએ તન અને મનને નવી ચેતના આપતી વિવિધ રમતોમાં ખૂબ જ ઉત્સાહ અને આનંદપૂર્વક ભાગ લઈને પોતાની ખેલદિલી પ્રદર્શિત કરી હતી. આ કાર્યક્રમના અંતે વિજેતા થયેલા ખેલાડીઓને મહાનુભાવોના હસ્તે મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## પઢીયાર ગામે 24 લાખના ખર્ચે શાળાના નવીન ઓરડા અને શેડનું ખાતમુહૂર્ત કરાયું



**ગોધરા** | ગોધરાના પઢીયાર ગામે 24 લાખના ખર્ચે શાળાના નવીન ઓરડા અને 2.50 લાખના ખર્ચે મધ્યાહન ભોજન શેડનું જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન અરવિંદસિંહ પરમાર અને સભ્ય મણીબેનના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ નવીન સુવિધાથી શાળામાં લાંબા સમયથી પ્રવર્તતી ઓરડાની અછતની સમસ્યાનો અંત આવશે અને બાળકો વધુ સારી રીતે અભ્યાસ કરી શકશે. આ પ્રસંગે મહાનુભાવોએ જણાવ્યું હતું કે ગામના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ અને આરોગ્યની ઉત્તમ સુવિધાઓ અનિવાર્ય છે. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા, સીઆરસી, એસએમસી સભ્યો, સરપંચ અને મોટી સંખ્યામાં ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**ભૂતકાળમાં ત્રણ ટોકીઝ ધમધમતી હતી**

# છોટાઉદેપુરમાં જિલ્લા મથકે મનોરંજનના નામે શૂન્યાવકાશ!

**સમગ્ર શહેરમાં** સિનેમાગૃહ અને પિકનિક સ્પોટ ન હોવાથી રજાના દિવસોમાં પ્રજા પરેશાન

(પ્રતિનિધિ) છોટા ઉદેપુર તા.27

છોટાઉદેપુર જિલ્લા મથક હોવા છતાં, આજે અહીંની પ્રજા માટે મનોરંજનનું એક પણ સાધન ઉપલબ્ધ નથી. નગરમાં એક પણ સિનેમાગૃહ કે નાટ્યગૃહ ન હોવાને કારણે સિનેરસિકોએ ફિલ્મ જોવા માટે 75 થી 100 કિમી દૂર ડભોઈ કે વડોદરા સુધી લાંબા થવું પડે છે. ઈન્ટરનેટના યુગમાં પણ લોકોમાં સિનેમાનો ક્રેઝ યથાવત છે, પરંતુ સુવિધાના અભાવે નગરજનો મજબૂર બન્યા છે.

છોટાઉદેપુરમાં ભૂતકાળમાં ત્રણ ટોકીઝ ધમધમતી હતી. એક સમયે છોટાઉદેપુરમાં મનોરંજન માટે વિરેન્દ્ર ટોકીઝ, અલંકાર ટોકીઝ અને લાયન મલ્ટિપ્લેક્સ એમ ત્રણ સિનેમાગૃહો કાર્યરત હતા. જેમાં રજવાડી સમયની વિરેન્દ્ર ટોકીઝમાં તો 50 કિલોમીટર દૂરથી લોકો ફિલ્મ જોવા આવતા હતા.

જોકે, બદલાતા સમય સાથે આ ત્રણેય સિનેમાગૃહો એક પછી એક બંધ થઈ ગયા અને હવે નગરવાસીઓ પાસે ફિલ્મ જોવા માટે કોઈ વિકલ્પ બચ્યો નથી.

ફરવા માટે માત્ર બે જ બગીચા માત્ર સિનેમા જ નહીં, પરંતુ હરવા-ફરવા માટે પણ શહેરમાં પૂરતી વ્યવસ્થા નથી. જિલ્લા મથક હોવા છતાં અહીં માત્ર બે બગીચા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. રજાના દિવસોમાં પ્રજાને પિકનિક માટે નજીકમાં કોઈ સ્થળ મળતું નથી.

છોટાઉદેપુર કુદરતી લીલોતરીથી ઘેરાયેલું હોવા છતાં, ત્યાં સુવિધાયુક્ત પિકનિક સ્પોટ વિકસાવવાની માંગ ઉઠી રહી છે. સરકારી અધિકારીઓ પણ સ્વીકારે છે કે અહીં ફરવા લાયક સ્થળોની ભારે અછત છે.

## શિનોર તાલુકા વસાવા સમાજ દ્વારા સમૂહલગ્નોત્સવ યોજાશે



**આગેવાનોની** બેઠકમાં લગ્નોત્સવ 8મી માર્ચે યોજવા નક્કી કરાયું

(પ્રતિનિધિ) શિનોર, તા.27

શિનોર તાલુકાના અવાખલ સ્થિત લકુલેશ્વર મહાદેવ મંદિરે વસાવા સમાજના પ્રમુખ લલિતચંદ્ર વસાવાના અધ્યક્ષસ્થાને આગામી સમૂહ લગ્નોત્સવના આયોજન માટે મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સર્વસંમતિથી 17માં સમૂહ લગ્નોત્સવ માટે 8મી માર્ચ 2026ની તારીખ નક્કી કરવામાં આવી છે. આ મિટિંગ દરમિયાન કાર્યક્રમની વ્યવસ્થા અને આયોજન અંગે કમિટીના સભ્યો સાથે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સમાજના આગેવાનો અને કાર્યકરોએ આ પ્રસંગને સફળ બનાવવા માટે ઉમળકાભેર સહકાર આપવાની ખાતરી આપી હતી.

# વ્યસન મુક્તિ માટે સાધુ-સંતોની ભૂમિકા જરૂરી : દિનુ મામાનો હુંકાર

**ધર્મગુરુઓ** સરકાર પર દબાણ બનાવે તો દુષણને જડમૂળથી નાબૂદ કરી શકાય તેમ છે

(પ્રતિનિધિ) પાદરા, તા.27

પાદરા તાલુકાના સાધી ગામે સહકારી ક્ષેત્રના ચુંટાયેલા સભ્યો, મતદારો તથા આગેવાનોના સન્માનાર્થે યોજાયેલા આભાર પ્રસંગ કાર્યક્રમમાં બરોડા ડેરીના ચેરમેન દિનેશ પટેલ ઉર્ફે દિનુમામાએ જાહેર મંચ પરથી વ્યસન મુક્તિ અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું.

વિશ્વ ખેડૂત દિવસે કરખડી મુકામે કરેલા તેમના વ્યસન મુક્તિ સંબંધિત નિવેદન અંગે દિનુમામાએ ખુલાસો કરતા જણાવ્યું હતું કે, તેમના નિવેદનને તોડી મરોડીને એઆઈના જમાનાનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. તેમનો હેતુ માત્ર એટલો હતો કે સાધુ-સંતો આગળ આવે તો વ્યસન જેવી સામાજિક બિમારીને નાબૂદ કરી શકાય.



દિનુમામાએ જણાવ્યું હતું કે, દારૂ અને ડ્રગ્સનું દુષણ દૂર કરવું માત્ર કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીની જવાબદારી નથી, પરંતુ સમાજના ધાર્મિક આગેવાનો અને સાધુ-સંતોએ પણ આ અભિયાનમાં સક્રિય ભાગ લેવો જોઈએ. જો સાધુ-સંતો મજબૂત રીતે મેદાનમાં ઉતરે તો સમાજમાંથી વ્યસન દૂર કરી શકાય છે.

જાહેર મંચ પરથી દિનુમામાએ સવાલ ઉઠાવ્યો હતો કે, ગુજરાતના કયા ખૂણે દારૂ મળતો નથી? જેમ ચુંટણી સમયે હિંદુ-હિંદુનો નારો આપવામાં આવે છે, તેમ જ હિંદુ સમાજને વ્યસનથી દૂર રાખવા માટે પણ સાધુ-સંતોએ પોતાના અનુયાયીઓ અને યુવાધન માટે સરકાર સમક્ષ મજબૂત રજૂઆત કરવી જોઈએ.

## ઝાલોદમાં ભાગવત કથાના પ્રારંભ પ્રસંગે ભવ્ય પોથીયાત્રા નિકળી



ઝાલોદમાં 20 વર્ષના લાંબા ગાળા બાદ રમેશભાઈ ઓઝા (ભાઈ)ની શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ થયો છે. જેમાં પ્રથમ દિવસે જ સવારે ભવ્ય પોથી યાત્રા બાદ વણકતલાઈ રોડ પરના 'દ્વારિકા ધામ' ખાતે હજારો શ્રોતાઓએ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સભર અમૃતવાણીમાં મંત્રમુગ્ધ બન્યા હતાં. વિશાળ ડોમમાં હજારો ભક્તો માટે આરામદાયક બેઠક, મોટી એલઈડી સ્ક્રીન અને કથા બાદ પ્રસાદ-ભોજનની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓના ભારે ઉત્સાહ વચ્ચે આગામી 26મીએ 'આનંદનો ગરબો' અને 28મીએ પ્રસિદ્ધ ગાયક કિર્તીદાન ગઢવીના ડાયરાનું પણ વિશેષ આયોજન કરાયું છે.


ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**હાર્ડવેર, સેનેટરી**
પેઈન્ટ્સ, પ્લાયવુડ, ઈન્ડસ્ટ્રીયલની દુકાનમાં ડેડ સ્ટોક સારા ભાવમાં આપવા માટે સંપર્ક કરો. Mo: 9327280937

**પેપર ડીશ, ગ્લાસ**
સિલ્વર થાળીઓ, બાજ, દડિયા, ડસ્ટબિન બેગો મળશે. શિવકૃપા ડિસ્પોઝેબલ, રાંદેર રોડ, હાઉસિંગમાં, સુરત. 9426394294

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**પ્લોટના**
સબ ડિવિઝન, લોચા વાલી સોસાયટી કે પ્લોટ ના ટાટયલ ક્લીયર, સરકારી કામ માટે મળો 9978936367

મિલ્કત વેચવાની છે

**વેચાણથી**
નાનપુરામાં ફ્લેટ, ગોપીપુરામાં દુકાન, પરસોલીમાં પ્લોટ, ચોકબજારમાં ઓફિસ, મો. નં: 9825821151

**ન્યુ સીટી લાઈટમાં**
બંગ્લો તેમજ પારલેપોઈન્ટ માં પ્લોટ વ્યાજબી કિંમતે વેચવાનો (8160763127 (710

**વેચવાની છે**
ખેતી લાયક જમીન વ્યારાથી 7 કિલો મીટર (9624980432 (713

**ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ**
વેચવાના છે સોનલ- ૧ ચીકુવાડી પાંડેસરા પ્લોટનં- 40 to 46 અને 46A અને ઊમા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી ભટાર પ્લોટનં- 153A, 153 to 155 વેચવાના છે. Cont= 9579076873

**ફ્લેટ વેચવાનો**
અલથાણ- ભીમરાડ, આશીવાદ એન્કલેવ, 10th floor, 2 BHK, 1389 .ચોરસફૂટ. 9825146479

**BHK ફ્લેટ 4 /3 /2**
નવાં બિલ્ડિંગમાં નવું ફર્નિચર સાથે વેચાણ. પાલ. 9909601200

**પ્લોટ સસ્તા ભાવે**
વેચવાનો છે. પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે**
નવું બાંધકામ. પાલ. 9909601200

**૧ અને ૨ સીટના**
સાગ લાકડાના આધાર વાળા સોફા તાકીદે વ્યાજબી ભાવે સુરતમાંથી વેચવાના છે. +919898170075

મિલ્કત જોઈએ છે

**જોઈએ વેચાણ / ભાડે**
પ્લોટ બંગલા રો હાઉસ ફ્લેટ જમીન ઘોડદોડથી ડુમસ સુધી (8160763127 (709

"લોન વિષયક"
1 લાખ થી 5 લાખ રૂપિયાની લોનની જરૂરત હોય તો એપોઈન્ટમેન્ટ લઈને સંપર્ક કરો
લોન-કન્સલટન્ટ વિજય ખેડેકર
મો.નં. 7202820113

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સાગર 9427113317**
ધૂળેટીમાં શાહપુરા ખાટુશ્યામ સાંવરિયાજી, શનિ, રવિ, શિરડી, સપ્તશૃંગી, -/મહાલક્ષ્મી 2501

**.કચ્છ રણોત્સવ**
જાણીતું અને માનીતું નામ. કિંજલ શાહ સંગાથે માણો સફેદરણ/ ભુજ/ માતાનો મઢ અને માંડવીની મુલાકાત. બુકિંગ શરૂ થઈ ચુક્યું છે. (જુજ ટીકીટો બાકી) Joy Enjoy Travel Planner. 9426157371

મિલ્કત ભાડે -વેચાણ

**વેચાણ/ ભાડે**
વાર જમીન. ઉમરા 700 ગામમાં આપવાની છે (9624980432 (714

મિલ્કત ભાડેથી

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનુ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો. 9924441820

**ફર્નિચર સાથે ઓફિસ**
ભાડે આપવાની છે.(એડવોકેટ - સી.એ.- આર્કિટેક્ટ ને લાયક) સિદ્ધિગીરી એપાર્ટમેન્ટ પહેલો માળ, દ્રષ્ટિ ઓપ્ટિકલ ની ઉપર, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. Contact No.:- 9879665032

નોકરી વિષયક

**હાર્ડવેરના હોલસેલ**
બિઝનેસ માટે સેલ્સમેન અને સ્ટાફની જરૂર છે. Mo. 9898063315

**મસાલા પેકીંગ માટે**
પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) Mo. 9265470310

**જોઈએ છે**
નામાંકિત ફાઈનાન્સ કંપની માટે જોડાઈ શકે એવા ઉત્સાહી વ્યક્તિ સંપર્ક કરો. KRUTIK DESAI 9408090363

**જોઈએ છે**
એકાઉન્ટીંગ ઓફિસ માટે બી.કોમ. પાસ અથર્વ એન્ડ પ્રિહાન કન્સલટન્સી ૨૦૧/૨૦૨, પાર્ક એવન્યુ પોદાર આર્કેડ પાસે, ડાંગરવાળા વરાછારોડ, સુરત. 9825377589, (9825834265 (711

**ડોક્ટરની**
ઓટોમેટીક કાર ચલાવવા માટે અનુભવી ડ્રાઈવર જોઈએ છે દરરોજ ના ૧૦ થી ૧૨ કલાક ના સમય માટે મો- ૯૩૨૭૫૦૮૧૨૭ આપેલ મોબાઈલ નંબર ઉપર ફોન કરવો

**જોઈએ છે**
અનુભવી ટર્નર કમ વેલ્ડર, CNC/ VMC મશીનના Fanuc કંટ્રોલના ઓપરેટર અનુભવ પ્રમાણે પગાર મળશે કતારગામ GIDC. 9825304506 9825651072

**સર્જન સોસાયટી**
અઠવાલાઈન્સ રસોઈ કરી શકે તેવા બેન જોઈએ છે. મળો:- કમલેશભાઈ 9879664047

**Required**
Software Support Executive Male / Female Good Communication, Accounting Field, Able to work Individually and with Team, 10 to 7, Adajan, 9825704800

**જોઈએ છે**
સી.એ.ની ઓફિસ માટે એકાઉન્ટન્ટ- ડેટા એન્ટ્રી ના જાણકાર કોમર્સ ગ્રેજ્યુએટ MO: 9898895961, 9265582535

**જોઈએ છે**
મહેનતું છોકરો. પગાર 10/ 15. વિનોદ રેડિયો. 9374711161

**ફુલ ટાઈમ ડ્રાઈવર**
તથા CT Scan અને MRI Technician તથા રિસેપ્સનિસ્ટ જોઈએ છે. (9824191051 (712

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
/3612 /1484 /756 વિગેરેના પ્લોટ 7308 ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, (9825141500 (118

**ડિસપ્યુટ વાળી જમીન**
ખરીદવા અને વેચવા માટે મળો. સુરત અથવા 50 કિ.મી સુધીમાં 9978936367

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

.અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં